# ફિઝિયોથેરાપીસ્ટ તબીબોના પડતર પ્રશ્નો અંગે સોશિયલ મીડીયા પર કેમ્પેઈનનો શુભારંભ

## ફિઝિયોથેરાપીસ્ટ તબીબોને વર્ગ - ૨ નો દરજ્જો આપવા સંદર્ભે ન્યાયિક રજુઆતઃ સરકારી કોલેજો, હોસ્પિટલમાં જગ્યાઓ ભરવા સહિતની બુલંદ માંગણી

ભિલોડા,તા.૧૮

ફિઝિયોથેરાપીસ્ટ તબીબોએ તેઓના પડતર પ્રશ્નો અંગે ન્યાયિક રજુઆતો કર્યા બાદ પણ સત્વરે નિરાકરણ ન આવતા સોશિયલ મીડીયા પર કેમ્પેઈનનો શુભારંભ કર્યો છે.વર્ગ - ૨ નો ગેઝેટેડ દરજ્જો,સરકારી કોલેજો,હોસ્પિટલોમાં જગ્યાઓ ભરવા,પેરામેડીકલ ન ગણીને મેડીકલ ગણવા,એક સમાન અભ્યાસક્રમ સહિત વિવિધ મુદ્દાઓને આવરી લઈને વોઈસ ઓફ ફિઝિયો સંગઠન ધ્વારા આંદોલનની શરૂઆત કરાઈ છે.

ફિઝિયોથેરાપીસ્ટ તબીબોએ ફિઝિયોથેરાપી ક્ષેત્રના વિવિધ પડતર પ્રશ્નો અંગેની રજુઆત માટે વોઈસ ઓફ ફિઝિયોની રચના કરાઈ છે.કોરોના મહામારીના સમય કાળમાં ફિઝિયોથેરાપી તબીબોની સેવાની સરકાર ધ્વારા પણ નોંધ લેવાઈ છે.વોઈસ ઓફ ફિઝિયોથેરાપીના કન્વીનર ડૉ.ગુંજન કાકડીયાએ જણાવ્યું હતું કે લાંબા સમયથી ફિઝિયોથેરાપીસ્ટના વર્ષો જુના પડતર પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું નથી ? જે પ્રકારે બીજા રાજ્યો અને કેન્દ્ર સરકારે ફિઝિયોથેરાપીસ્ટને વર્ગ - ૨ માં સમાવાયા છે તે પ્રકારે ગુજરાત રાજ્યમાં પણ સમાવવામાં આવે તેવી બુલંદ માંગણી છે.ફિઝિયોથેરાપીનો કોર્સ સાડા ચાર વર્ષનો હોવાથી કાઉન્સિલના બંધારણ મુજબ મેડીકલ શ્રેણીમાં મુકવામાં આવે,સરકારી કોલેજોમાં ખાલી પડેલી લેક્ચરર,સીનીયર લેક્ચરર,ક્લિનિકલ થેરાપીસ્ટની પોસ્ટ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને ભરાય,આંતરીક વિસ્તારમાં માનવ બળના અભાવથી ખાલી પડેલી જગ્યાઓ જન હિતમાં ભરાય જેનો સીધો લાભ ત્યાંના દિવ્યાંગ લોકોને મળશે તેમ જણાવ્યું હતું.

ફિઝિયોથેરાપીસ્ટના પડતર પ્રશ્નો માટે વોઈસ ઓફ ફિઝિયો નામનું નવું સંગઠન બનાવાયું છે.ફિઝિયોથેરાપીસ્ટના ૪ પડતર પ્રશ્નો મામલે સરકાર સાથે ચર્ચા કરવા બન્યું છે.વોઈસ ઓફ ફિઝિયો ધ્વારા એક ઓન લાઈન પીટીશન જાહેર કરી હતી.૪ મુદ્દાઓનો વિસ્તૃત રીતે ઉલ્લેખ કર્યો હતો.૭ હજાર થી વધુ તબીબો અને વિદ્યાર્થીઓનું સમર્થન મળ્યું હતું.રાજ્યમાં કાઉન્સિલે એક જ સિલેબસનું પાલન કરાય તેમજ અલગ - અલગ યુનિવર્સિટીમાં લેવાતી પ્રવેશ પ્રક્રિયાનું કેન્દ્રીયકરણ કરીને ફક્ત એક જ એમપીટી લેવાય તેમ જણાવ્યું હતું.

ફિઝિયોથેરાપીસ્ટ તબીબો ધ્વારા ફિઝિયોથેરાપી શાખાના પડતર પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે વિવિધ સ્તરે માંગણી થઈ રહી છે.પ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવા માટે વિવિધ જીલ્લાના જાગૃત તબીબોએ વોઈસ ઓફ ફિઝિયો નામનું સંગઠન બનાવ્યું છે.સંગઠનના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ સંગઠનાએ ફિઝિયોથેરાપીસ્ટ તબીબોના પડતર પ્રશ્નો,સૈધ્ધાંતિક હક્ક અને ફિઝિયોથેરાપી શાખાના સંપુર્ણ વિકાસ માટે કામ કરશે તેમ જણાવ્યું હતું.

# લો...બોલો મંત્રીએ વાવેલ છોડ બકરી ખાઈ ગઈ

**મેઘરજ તાલુકા પંચાયત લોકાર્પણમાં રમણલાલ પાટકરે વાવેલ છોડવા પશુઓ ચરી ગયા**

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં બે દિવસ અગાઉ તાલુકા પંચાયત લોકોર્પણ કાર્યક્રમમાં વન અને આદિજાતી વિભાગના રાજ્ય



કક્ષાના મંત્રીના હસ્તે કરેલ વૃક્ષારોપણના છોડવાઓ બે દિવસમાં બકરા ચરી જતા પર્યાવરણ પ્રેમીઓ માં ભારે રોષ ફેલાયો છે.

મેઘરજમાં ૨.૪૦ લાખના ખર્ચે નવીન બનેલ તાલુકા પંચાયત ભવનનુ બે દિવસ અગાઉ વન અને આદિજાતિ વિભાગના મંત્રી અને અરવલ્લી જીલ્લા પ્રભારી રમણલાલ પાટકર અને ઉપસ્થિત મહેમાનો અને હોદ્દેદારોના વરદ હસ્તે નવીન તાલુકા પંચાયતના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ જે વૃક્ષારોપણના બેદિવસમાં મંત્રી અને મહેમાનોના હસ્તે વાવેલ છોડવાઓને બકરા ખાઈ જતા તાલુકા પંચાયતની સુરક્ષામાં છીંડા જોવા મળ્યા હતા અને વાવેલ વૃક્ષો બકરા ખાઈ જતા વૃક્ષપ્રેમી અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે.

# જન્મદિને વધામણી



પ્રિયંકાબેન સચિનભાઈ પટેલ
(ગણેશ સોસાયટી)
મોડાસા(ડેમાઈ)



હીરેન અમૃતલાલ રાવલ
(એ.પી.એમ.સી., ધનસુરા)
બાયડ, જિ.અરવલ્લી



પ્રકાશકુમાર ઈશ્વરભાઈ સોલંકી
(કોર્પોરેટર : બાયડ નગરપાલિકા)
(રવિપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જયલત્તાબેન બી. ગોસ્વામી
દહેગામ



હેમલ પ્રજાપતિ
આકરૂન્દ(અમદાવાદ)



દક્ષ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



કોમલ ધુવાડ
મોડાસા, જિ.અરવલ્લી



નૈનેષ શાહ
અમદાવાદ(સાઠંબા)



પૃથ્વીસિંહ ઝાલા
પુનાદરા, તા.પ્રાંતિજ



અભિ પટેલ
રમાસ, તા.બાયડ



મૌનાંગ કે. શેઠ
અમદાવાદ



ભૂપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ પટેલ
(સબડીલર : સ્વરાજ ટ્રેક્ટર, બાયડ)
રડોદરા, તા.બાયડ

# વડગામના ભૂખલા ગામે ખેતરમાંથી ગાંજાનું વાવેતર ઝડપાયું, ૬૯ હજારના મુદ્દામાલ સાથે ઈસમ ઝબ્બે

ડીસા, તા. ૧૮

પાલનપુર સર્કલ ઈન્સપેક્ટર એન.ડી.અંસારીના વડપણ હેઠળ વડગામ પોલીસના PSI એ.એસ.રબારીની ટીમે તાલુકાના ભુખલા ગામે રેઈડ કરી હતી. જ્યાં ભીખાજી બબાજી ઠાકોરે પોતાના ખેતરમાં ગેરકાયદેસર ગાંજાનું વાવેતર કર્યાનું ખુલ્યુ હતુ. જેથી સ્થળ પર પહોંચી ગાંજાના છોડ અને ભુક્કાવાળો ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા ૨-૩ દિવસથી પોલીસે નાર્કોટીક્સ લગત મોટી કાર્યવાહીઓ કરી છે. જેમાં ગઈકાલે સાંજના સમયે વડગામ તાલુકાના ભુખલા ગામે રેઈડ કરી ખેતરમાંથી ગાંજાના છોડ નંગ-૮ કિ.રૂ.૬૭,૩૫૦, ગાંજાના પાંદડાનો ભુક્કાવાળો વનસ્પતિ જન્ય માદક પદાર્થ ગાંજો કિ. રૂ.૧૮૦૦ મળી કુલ કિ. રૂ.૬૯,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સાથે ઈસમને ઝડપી પાડી તેના વિરૂધ્ધ નાર્કોટીક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમની કલમ 8(c), 20(a), 20(b)iiC મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ઘરમાં રહો, સુરક્ષિત રહો...**

# અરવલ્લીની મગર વસાહત, વિશ્વ મગર દિન નિમિત્તે વન વિભાગના એકપણ અધિકારી ડોકાયા નહીં

## વાત્રકગઢ થી ડાભા સુધીના વિસ્તારમાં ૩૦ થી વધુ મગર હોવાની સંભાવના, અત્યાર સુધીમાં ૩ મગરની હત્યા, તપાસ અદ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

તાજેતરમાં જ વિશ્વ મગર દિવસની ક્યાંક ઉજવણી થઈ. અરવલ્લીમાં મગર વસાહત આવેલી છે પરંતુ મોટાભાગની પ્રજાને તેનો ખ્યાલ પણ નહીં હોય. વિશ્વ મગર દિન નિમિત્તે વન વિભાગના એકપણ અધિકારી ડોકાયા ન હતા કારણ કે તેમની પાછળ દિવસે ફરવાની ફૂરસદ નથી કારણ કે રાત્રે વિરપ્પનો સાથે બેઠક ન કરે ત્યાં સુધી ઉંઘ આવતી નથી. જિલ્લાના બાયડ તાલુકાના વાત્રકગઢ થી ડાભા સુધીનો વિસ્તાર મગર વસાહત તરીકે જાહેર કરેલો છે જેમાં ૩૦ થી વધુ મગર હોવાની સંભાવના છે. અત્યાર સુધીમાં ૩ મગરની હત્યા થઈ ગઈ પરંતુ તપાસ અદ્ધરતાલ કરીને વિંટો વાળી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના ડાભા, ઘોડનાલ, જંત્રાલ, રમોસ, વાત્રકગઢ સહિતના નદીના પટમાં અનેક મગર જોવા મળ્યા. ૬ વર્ષ અગાઉ જંત્રાલ નજીક વાત્રક નદીના પટમાં બાંધવામાં આવેલ ચેકડેમમાં મગર વસવાટ કરતા હોવાનું જોવા મળ્યું અને ત્યાર પછી મગર અનેકવાર માનવ વસાહત સુધી ઘૂસતા જોવા મળ્યા. તાલુકાના વાત્રકગઢ ગામના સીમાડામાં કોઈએ મગરની હત્યા કરી તેના નખ ચોરી લીધા. ગંભીર બનાવ હોવા છતાં તંત્રએ તેની ઉપર પડદો પાડી દેવાનો પ્રયાસ કર્યો પરંતુ અખબારના અહેવાલ પછી ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા. નિવેદન લેવાની નૌટંકી કરી ૧ મહિના સુધી તપાસનું નાટક ત્યારબાદ આટોપી લેવાયું. ક્યારેક મગર માર્ગ ઉપર આવી જાય ત્યારે મોટાં વાહનના પૈડાં નીચે ચગદાઈને મોતને પણ ભેટ્યા છે. ડાભાથી વાત્રકગઢ સુધીના મગર વસાહત વિસ્તાર ઘોષિત હોવા છતાં મગરની સુરક્ષા બાબતે કોઈ દર્શનીય કામ



થયું નથી. માત્ર બોર્ડ લગાવીને વન વિભાગે સંતોષ માન્યો છે. તા.૧૭ જૂનના રોજ વિશ્વ મગર દિવસની ઉજવણી થઈ જિલ્લાના બહુપંકાયેલા વન વિભાગે કદાચ કાગળ ઉપર તેની ઉજવણી દેખાડી હશે પરંતુ મગર વસાહતમાં રીબાતા મગર અને તેમના નાના સંતાનોની ખબર લેવાની પણ વન અધિકારીઓને ફૂરસદ નથી.

# ડીસાના ખરડોસણ નજીક સ્વીફ્ટ ગાડી અને ડાલા વચ્ચે અકસ્માત

## પાંચ ઈજાગ્રસ્તને ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા





ડીસા, તા. ૧૮

લોક ડાઉન માં છુંટછાટ ના પગલે ડીસા સહિત જિલ્લાભરમાં માર્ગ અકસ્માત બનવા લાગ્યા છે ત્યારે ડીસા - પાટણ હાઈવે ઉપર આવેલ ખરડોસણ ગામ નજીકના એસ્સાર પેટ્રોલ પંપ સામે પૂર ઝડપે પાટણ તરફથી આવી રહેલ સ્વીફ્ટ ગાડી (નંબર જીજે ૧૬ એએ ૯૨૩૧) અને ડીસા તરફથી આવી રહેલ પીકઅપ ડાલા ( નંબર જીજે ૮ વાય ૭૪૬૩) વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૫ લોકો ગંભીર હદે ઘવાયા હતા.ડાલા ઉપર લખેલ માહિતી મુજબ જય ગોગા રોડવેજ ધાનેરા હોવાનું જણાય છે ઘટનાના પગલે આજુબાજુના લોકોના ટોળેટોળા એકત્ર થયા હતા અને ઘાયલ લોકોને પ્રાઈવેટ વાહન મારફત સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જેમાં ૩ લોકોને ડીસા સિવિલ હોસ્પિટલખાતે અને ૨ લોકોને પ્રાઈવેટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.અકસ્માત બાદ ડાલા ચાલક ફરાર થઈ ગયો હતો પરંતુ ડાલા ઉપર જય ગોગા રોડવેઝ ધાનેરા લખેલ હોવાનું અકસ્માત નજરે નિહાળનાર પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. અકસ્માતની જાણ થતાં દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડાના લીલછા ગામના યુવાનનો મૃતદેહ ઈન્દ્રાસી જલાગારમાંથી મળ્યો

ભિલોડા,તા.૧૮

ભિલોડા તાલુકાના લીલછા ગામના યુવાનનો મૃતદેહ માંકડી ઈન્દ્રાસી જલાગારમાં ૨૫ ફુટ ઉંડા પાણીમાંથી મળી આવ્યો હતો.ઘટના સ્થળ પર લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા



હતા.પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.મુળ રાજસ્થાનના રહેવાસી લીલછા ગામમાં કરીયાણાના ધંધા સાથે સંકળાયેલા ભાવેશ રાજપુરોહિત (આશરે ઉંમર વર્ષ-૨૪) નામનો યુવાન તેના ઘરે ભિલોડા જાઉં છું તેમ કહીને કોઈ પણ કારણસર નીકળી ગયેલ હોય ત્યાર બાદ ગુમ થઈ ગયો હતો.યુવાનની પરીવારજનોએ ઠેર-ઠેર શોધખોળ આદરી હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે લાપતા યુવાનની કોઈ ભાળ મળી ન હતી.માંકડી ગામ પાસે આવેલ ઈન્દ્રાસી જલાગાર પાસે યુવાનનો મોબાઈલ,ચપ્પલ મળી આવતા યુવાન ડુબ્યો હશે તે સંદર્ભે પોલીસ,વહીવટી તંત્રના અધિકારીઓ અને તરવૈયાઓની ટીમ ધ્વારા જલાગારમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી.જલાગારમાં ૨૫ ફુટ ઉંડા પાણીમાંથી યુવાનનો મૃતદેહ ભારે શોધખોળ બાદ મળી આવતા કોટેઝ હોસ્પિટલમાં પી.એમ. અર્થે ખસેડાયો હતો.

# કાળા બજાર કર્યું તો આવી બન્યું : જિલ્લાના સરકારી ગોડાઉન, પુરવઠા ઓફીસ, સસ્તા અનાજની દુકાનો કેમેરાની નિગરાનીમાં આવશે

**મોટાપાયે રેશનીંગના જથ્થાનું કાળા બજાર થતું હોવાની ફરિયાદ પછી વિભાગ એક્શનમાં**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સરકાર હવે અનાજના કાળા બજાર ઉપર બ્રેક લગાવવાની તૈયારીમાં છે. જાણવા મળ્યા મુજબ સરકારી ગોડાઉન, પુરવઠા ઓફીસ અને સસ્તા અનાજની દુકાનો સી.સી.ટીવી કેમેરાની નિગરાનીમાં આવી જશે. છેલ્લા કેટલાક સમય દરમ્યાન કાળા બજારીયા પોતાના ખાનગી વાહનોમાં અનાજ સગેવગે કરતા હોવાનું બહાર આવ્યા પછી તંત્ર એક્શનમાં આવ્યું છે. ખેડબ્રહ્મા, ઈડર, પ્રાંતિજ, તલોદ, મોડાસા અને બાયડ પોલીસે ભૂતકાળમાં અનેક કાળા બજારીયાઓ સામે કાર્યવાહી કરી હતી. ત્યાર પછી મોંડે મોંડે પણ સરકારનો વિભાગ કાળા બજારીયાઓ ઉપર અંકુશ મેળવવા સજ્જ બન્યો છે.

રાજ્યમાં અનેક સસ્તા અનાજના દુકાનદારો પ્રમાણિક્તાથી ધંધો કરી રહ્યા છે પરંતુ જે તે જિલ્લામાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા વેપારીઓ કાળા બજારીના રવાડે ચઢી જતાં તમામ સસ્તા અનાજના દુકાનદારો બદનામ થઈ રહ્યા છે.



ગત વર્ષે મજરા નજીક સસ્તા અનાજનો જથ્થો સગે વગે કરવાનું ષડયંત્ર ઝડપાયા પછી રાજ્યના પુરવઠા વિભાગે તેની ગંભીર નોંધ લીધી હતી. સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરવામાં સ્થાનિક પુરવઠા કચેરી, તેના ભ્રષ્ટ અમલદારો અને ફોલ્ડરીયા સામેલ હોવાના પણ રાજ્યના અન્ય વિસ્તારોમાંથી તંત્રને સુરાગ મળ્યા હતા. જેથી પુરવઠા વિભાગ દ્વારા રાજ્યની સાથે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સરકારી ગોડાઉન, તેની કચેરીઓ તેમજ ૮૦૦ થી વધુ સસ્તા અનાજની દુકાનોમાં સી.સી.ટીવી કેમેરા લગાવવા માટે મન બનાવી દીધું છે. સરકાર દ્વારા કોરોનાના કારણે અનેક પરિવારોને મફત અનાજ આપવાની યોજના અમલી છે તેમાં પણ મોટાપાયે ગોબાચારી થઈ છે અને ત્યાર પછી જ સરકાર અને તેનો વિભાગ એક્શનમાં આવ્યાનું મનાય છે.

# ધીરપુરાની મહિલા ૪ વર્ષની બાળકી સાથે ગુમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ તાલુકાના ધીરપુરા ગામના ઝાલા પરિવારની આશાબેન ઝાલા તેની ૪ વર્ષની પુત્રી કાવ્યા ઝાલા સાથે રહસ્યમય રીતે ગુમ થતાં પરિવાર ચિંતિત બન્યો છે. મહિલાની પુત્રી સાથે શોધખોળ

**ઘરનો સરસામાન લેવા ડેમાઈ જવાનું કહી અદ્રશ્ય**

કરવા છતાં કોઈ અત્તોપત્તો મળ્યો નથી જેથી અનેક અમંગળ આશંકાઓ સાથે પરિવારે બાયડ પોલીસને જાણ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના ધીરપુરા ગામની મહિલા તા.૧૦ના રોજ ૪ વર્ષની પુત્રી સાથે ડેમાઈ ખાતે ઘરનો સરસામાન લેવા જવા માટે જાઉં છું તેમ કહી નિકળી હતી પરંતુ મોંડી સાંજ સુધી ઘરે પરત ન ફરતાં પરિવારે સગા-સબંધીઓના ત્યાં શોધ કરી હોવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. ઘરેથી નિકળ્યા પછી બાળકી સાથે મહિલા ગુમ થતાં પરિવાર સદમામાં સરી પડ્યો છે. મહિલા જાતે જ ગુમ થઈ છે કે પછી કોઈએ પુત્રી સાથે તેનું અપહરણ કર્યુ છે..?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે. બનાવ અંગે ભલાભાઈ સાલુભાઈ ઝાલાએ બાયડ પોલીસને જાણ કરી છે.

## અવસાન નોંધ..

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ : બાયડ નગરપાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોનીના માતાનું અવસાન થયેલ છે.